અપીલ અરજી નં.૧૩૬/૦૮–૦૯ તા. ૨૬–૮–૦૮

અરજદારઃ શ્રી ચંદ્રવદન ધ્રુવ
સામાવાળાઃડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (સુમન શાળા)
(૨) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ)

***હુકમઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રવદન ધ્રુવની તા.૧૪–૭–૦૮ ની અરજીથી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી ટયુશન ફી, પરીક્ષા ફી અને શિષ્યવુતિ વિતરણ માટે તા.૧–૪–૨૦૦૦ થી તા.૩૧–૩–૦૮ સમયગાળા દરમ્યાન ફાળવેલ રકમની તારીખ વિગેરે મુદ્દાઓની માહિતી આપવા બાબત.

***સંદર્ભ***:–(૧) અરજદાર મજકુરની તા.૨૬–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૬/૦૮–૦૯

શ્રી ચંદ્રવદન ધ્રુવની તા.૧૪–૭–૦૮ ની અરજીથી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી ટયુશન ફી, પરીક્ષા ફી અને શિષ્યવુતિ વિતરણ માટે તા.૧–૪–૨૦૦૦ થી તા.૩૧–૩–૦૮ સમયગાળા દરમ્યાન ફાળવેલ રકમ, તારીખ વિગેરે મુદ્દાઓની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર કે પ્રતિભાવ ન મળવાને કારણે એપેલેટ ઓફિસરને તા.૨૬–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતોનો ઈન્કાર તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૭૭ તા.૩૦–૮–૦૮થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (સુમન સ્કુલ) તથા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) ને પત્ર પાઠવવામાં આવેલ. શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ( ન.પ્રા.શિ.સમિતિ) કક્ષાએથી નં.૯૪ તા. ૮–૯–૦૮ થી માહિતી મળેલ છે. તથા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સુમન/મા.શાળા સેલ/૫૩૫ તા.૨૫–૯–૦૮ થી માહિતી મળેલ છે.

અરજદારે તા.૧૪–૭–૦૮ થી જાહેર માહિતી અધિકારી સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ ગાંધીનગરને નોન જયુડીશીયલ સ્ટેમ્પ ઉપર અરજી કરેલ છે. જે નિયામક શ્રી સમાજ સુરક્ષા ખાતુ ધ્વારા તા.૨૧ –૮–૦૮ થી મ્યુ.કમિશ્નરને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી શાસનાધિકારી તરફથી પત્ર નં.૯૪ તા.૮–૯–૦૮ થી નિયત સમય મર્યાદાને બીજે દિન અત્રે પૂરી પાડેલ માહિતી અનુસાર તેમના પત્ર તા.૧૪–૮–૦૮ થી માહિતી અરજદારને પૂરી પાડવામાં નિયત રૂા.૪૬ ફી ભરતો પત્ર પાઠવેલ. જે સામે અરજદારે દસ્તાવેજ ફી જમાં કરાવેલ ન હોઈ માહિતી સુપ્રત કરેલ નથી. ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી સુમન મા.શાળા સેલએ તેમના પત્ર નં. ૫૩૫ તા.૨૫–૯–૦૮ થી મુદ્દા નં.૨ અને ૫ ની માહિતી પુરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૧,૩ અને ૪ અંગે કચેરીનો સંપર્ક કરી વિના મુલ્યે માહિતી મેળવી લેવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૭–૦૮ અરજી પૈકી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી સુમન શાળા સેલ ધ્વારા માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને આંશિક માહિતી પૂરી પાડી બાકીની વિના મુલ્યે મેળવી લેવા જણાવેલ છે. જયારે શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ફી ભરવા જણાવતો પત્ર નિયત સમય અવધિ દિન–૩૦ પુર્ણ થયાના બીજા દિને પાઠવેલ હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ અરજદારે માંગેલ માહિતી અત્રેની જાણ હેઠળ વિના મુલ્યે પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી,(સુમનશાળા) તથા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સમિતિ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચંદ્રવદન ધ્રુવ,